**:: સ્પે.દિ.મુ.નં. ૧૦૪/૨૦૧૭ ના કામે આંક–૫ ની મનાઈ હુકમની અરજી નીચે હુકમ ::**

(૧) વાદીએ હાલની આંક–૫ ની મનાઈ હુકમની અરજી દાખલ કરી એવી દાદ માંગેલ છે કે, મોજે.ગામ ખેડાની સીમનાં બ્લોક/સર્વે નં.૧૯૪૮ પૈકી ખાતા નં.૭૪૧ જેનું કુલ ક્ષેત્રફળ ૦–૮૦–૯૪ હે.આરે.ચો.મી. જેના આકાર રૂ.૬.૦૦ પૈસાવાળી જમીન પૈકી આ કામનાં પ્રતિવાદીઓની જમીનની દક્ષિણ દિશાએ આવેલ ૦–૪૦–૪૭ હે.આરે.ચો.મી.વાળી જમીન એટલે કે, દાવાવાળી જમીન આ કામનાં પ્રતિવાદીઓ કે તેમના માણસો, નોકરો, એજન્ટો ઈત્યાદિ કોપણ રીતે વેચાણ,ગીરો,બક્ષીસ આપે અપાવે નહી કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી કે નવીન હકકો ઉત્પન્ન કરે કરાવે નહી તેમજ કોઈપણ જાતનો બોજો ઉત્પન્ન કરે કરાવે નહી એવો કામચલાઉ મનાઈ હુકમ વાદીના લાભમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં ફરમાવવા દાદ માંગેલ છે.

(૨) સદરહું હાલના દાવાની કોર્ટ ધ્વારા પ્રતિવાદીને સમન્સ નોટીસ કરવામાં આવતા પ્રતિવાદીને બિન બજે પરત ફરેલ છે તેથી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ આમ છતા પ્રતિવાદીઓ વકીલશ્રી મારફતે હાજર થયેલ નથી અને દાવા તથા મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરેલ નથી. વાદી તરફે હાલનાં તબકકે પોતાના દાવાના સમર્થનમાં માર્ક–૩/૧ થી માર્ક–૩/૭ સુધીના દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતો હાલની અરજીના નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું અગવડતા સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન વાદીને થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દા તરફે મારા ન્યાયી નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**// કારણો //**

**મુદ્દા નં.૧ થી ૩**

ઉપરોકત મુદ્દા પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૩) આ કામે વાદીએ હાલના દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીમાં મોજે. ખેડાની સીમનાં બ્લોક/સર્વે નં.૧૯૪૮ પૈકી ખાતા નં.૭૪૧ વાળી જમીન પૈકી પ્રતિવાદીની સદર હું જમીનની દક્ષિણ દિશાએ આવેલ ૦–૪૦–૪૭ હે.આરે.ચો.મી.વાળી જમીન આ કામનાં પ્રતિવાદીઓ કે તેમના માણસો, નોકરો, એજન્ટો ઈત્યાદિ તમામ અન્ય કોઈપણ રીતે વેચાણ,ગીરો,બક્ષીસ આપે અપાવે નહી કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી કે નવીન હકકો ઉત્પન્ન કરે કરાવે નહી તેમજ અન્ય કોઈપણ પ્રકારે બોજો ઉત્પન્ન કરે કરાવે નહી કે કબજો ટ્રાન્સફર કરે કરાવે નહી તેવા પ્રકારનો દાવાના આખરી નિકાલ સુધી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા રજુઆત કરેલ છે. વાદી તરફે હાલનાં તબકકે પોતાના દાવાનાં તથા મનાઈ હુકમની અરજીનાં સમર્થનમાં નિ.૩/૧ થી

૩/૭ સુધીના દસ્તાવેજી આધાર પુરાવા રજુ રાખેલ છે તે પૈકી તેઓના કથન મુજબ બાનાખતનો કરાર આ કામનાં પ્રતિવાદીએ તા.૧૦/૧૦/૧૩ ના રોજ કરી આપેલ છે જે કરારમાં સ્વતંત્ર માલિક અને કબજેદાર છીએ તેવું પ્રતિવાદીએ લખી આપેલ છે. પરંતું નિ.૩/૩ થી રે.દિ.મુ.નં.૨૯–એ/૧૨ ની કરાર દાદ પુરસીસ દાવામાં રજુ થયેલ છે જે પુરસીસ મુજબ પ્રતિવાદીઓ અને તેના કુટુંબ વચ્ચે દાવાવાળી જમીન અંગે વહેચણી કરવા બાબતનો દાવો થયેલ અને તેમાં સમાધાન થયેલું તે બાબતે કરાર દાદ હુકમનામું કરવામાં આવેલું અને તે કરાર દાદ હુકમનામાની નકલ પણ આ કામનાં વાદી તરફે રજુ થયેલ છે. જે કરાર દાદ હુકમનામા મુજબ ખરેખર આ કામનાં પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતનાં સંપુર્ણ જમીનનાં માલિક કબજેદાર હતા નહી અને છે નહી. વધુમાં આ કામનાં પ્રતિવાદી નં.૨,૩ નાએ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં પોતાનો હકક જતો કરેલાનું પણ હાલનાં તબકકે રેકર્ડ ઉપર આવેલ છે અને જયારે પ્રતિવાદી નં.૨,૩ નાએ દાવા અરજીનાં પાના નં.પ માં જણાવ્યા મુજબ બિનઅવેજ હકક કમીનો કરાર કરી હકક ઉઠાવી લેવાનો દસ્તાવેજ તા.૦૯/૦પ/૧૪ ના રોજ ખેડાના સબ રજીસ્ટ્રારશ્રી સમક્ષ કરેલ છે તે સંજોગોમાં પ્રતિવાદી વિરૂઘ્ધ દાવાનાં આખરી નિકાલ સુધી મનાઈ હુકમ આપી શકાય નહી કારણ કે, એ બાબત સ્પષ્ટ છે કે, પ્રતિવાદી નં.૨,૩ નાઓએ સદર જમીનમાંથી પોતાનો હકક ઉઠાવી લીધેલ છે અને તે દસ્તાવેજ રજીસ્ટર થયેલ છે. તેથી જયારે હાલનાં તબકકે પ્ર તિવાદીઓના કબજા ભોગવટામાં કોઈ રેકર્ડ ઉપર તેઓના નામ સદર જમીન અંગે હોય તો મનાઈ હુકમ આપવાથી પણ કોઈ હેતુ સરે નહી. આ તમામ સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી.

(૪) ઉપરોકત કરેલ વિગતવાર ચર્ચા મુજબ હાલના તબકકે વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ હોવાનું પ્રથમ દર્શનીય જણાઈ આવતું ન હોય જેથી પણ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી અને મનાઈ હુકમ ન આપવાથી વાદીને કોઈ નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની શકયતા રહેલી નથી. જેથી વાદીની હાલની આંક–પ ની અરજી ગ્રાહય રાખવી વ્યાજબી, ન્યાયી અને યોગ્ય જણાતું ન હોય

મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- વાદીની હાલની આંક–૫ ની મનાઈ હુકમની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૧૨, માહે. જુલાઈ, સને.૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૭/૨૦૨૧
ખેડા.

**(આર.વી.જોટાણીયા)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને**
**એડી.ચીફ જયુડી. મેજી. ફ.ક., ખેડા.**
**જી.જે. ૦૧૦૨૭**